યુનિટ-૧ પાયાના ખ્યાલો.

૧. "વસ્તુઓની ખરીદી વખતે થતી ચૂકવણીઓમાં કે વ્યાપારિક ચૂકવણીમાં જેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે તે સર્વને નાણું કહેવાય" નાણાંની આ વ્યાખ્યા કયા અર્થશાસ્ત્રીએ આપેલ છે.
(અ) પ્રો. રોબર્ટસન (બ) પ્રો. માર્શલ (ક) પ્રો. વોકર (ડ) પ્રો. પીગુ

૨. નાણાંને અર્થતંત્રના પ્રથમ મધ્યસ્થી તરીકે ઓળખાવનાર અર્થશાસ્ત્રી કયા હતા?
(અ) પ્રો. કેઈન્સ (બ) પ્રો. સિડવિક (ક) પ્રો. કાઉથર (ડ) પ્રો. માર્શલ

૩. 'જે નાણાનું કાર્ય બજાવે તે નાણું છે' આ વ્યાખ્યા કોની છે?
(અ) પ્રો. રોબિન્સ (બ) પ્રો. માર્શલ (ક) પ્રો. હોટ્રે (ડ) પ્રો. સિડવિક

૪. માત્ર ધાતુના સિક્કાને જ નાણામાં ગણી શકાય?
(અ) હા (બ) ના (ક) અનિર્ણિત (ડ) એકેય નહીં

૫. નીચેનામાંથી નાણાનું મુખ્ય કાર્ય કયું છે?
(અ) વિનિમયનું માધ્યમ (બ) વસ્તુ ઉત્પાદક (ક) વસ્તુના વેચાણ (ડ) એકેય નહીં

૬. નાણાંના રૂપમાં ગમે તેટલી સંપત્તિનો સંગ્રહ કરી શકાય છે.

(અ) ખોટું (બ) સાચું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૭. 'અર્થશાસ્ત્રમાં નાણાંની શોધ એક અદ્દ્ભુત શોધ છે' આવુ જણાવનાર અર્થશાસ્ત્રી.

(અ) પ્રો. ક્રાઉથર (બ) પ્રો. કેઈન્સ (ક) પ્રો. રોબર્ટસન (ડ) પ્રો. ફિશર

૮. ફુગાવો અને મંદી નાણાંના જ સંતાનો છે આ વિધાન સાચું છે?

(અ) હા (બ) ના (ક) એકપણ નહીં (ડ) અનિર્ણિત

૯. 'નાણું સેવક તરીકે ઉત્તમ છે પણ શેઠ તરીકે કનિષ્ટ છે'' આ વિધાન કયા અર્થશાસ્ત્રીએ આપ્યું છે?

(અ) પ્રો. કેઈન્સ (બ) પ્રો. રોબર્ટસન (ક) પ્રો. પીગુ (ડ) પ્રો. માર્શલ

૧૦. નાણાંના મુખ્ય કાર્યો કયા છે?

(અ) વિનિમયનું માધ્યમ (બ) મૂલ્યનું માપક અને સંગ્રાહક

(ક) વિલંબિત ચુકવણીનું ધોરણ (ડ) ઉપરનાં બધાં જ

૧૧. થોમસ ગ્રેસામ કોના નાણાંકીય સલાહકાર હતા?

(અ) રાણી લક્ષ્મીબાઇ (બ) રાણી એલિઝાબેથ

(ક) રાણી વીરબાઇ (ડ) રાણી પદ્મીની

૧૨. 'જો કોઈ દેશમાં એકસાથે સારું અને ખરાબ નાણું ચલણમાં હોય તો ખરાબ નાણું સારા નાણાંને ચલણમાંથી હાંકી કાઢવાનું વલણ રાખે છે' આ વિધાન કોનું છે?

(અ) ગ્રેસામ (બ) રોબર્ટસન (ક) રોબિન્સ (ડ) કેઈન્સ

૧૩. નાણાંના સારા નરસાપણાંનો આધાર શાના પર છે?

(અ) વજન અને વહનીયતા (બ) નવાપણું

(ક) ધાતુઓનું મૂલ્ય (ડ) ઉપરનાં બધાં જ

૧૪. સોના અને ચાંદીના સિક્કાઓ એકસાથે ચલણમાં હોય તેને કયું ધોરણ કહેવાય?

(અ) એક ધાતુ (બ) દ્વિધાતુ (ક) ત્રિધાતુ (ડ) ઉપરનાં બધાં જ

૧૫. અર્થતંત્ર મૂડીવાદી હોય, સમાજવાદી હોય કે મિશ્ર અર્થતંત્ર હોય તો પણ નાણાં સિવાય કોઈને ચાલતું નથી આ વિધાન સાચું છે?

(અ) હા (બ) ના (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૧૬. નાણાંકીય ધોરણોમાં કયા બે ધોરણનો સમાવેશ થાય છે?

(અ) ધાતુ ધોરણ અને સુવર્ણ ધોરણ (બ) કાગદીનાણું અને અદ્રશ્ય નાણું

(ક) ધાતુ નાણું અને કાગદીનાણું (ડ) એકપણ નહીં

૧૭. સપ્રમાણ પધ્ધતિ અન્વયે નાણું બહાર પાડવા મધ્યસ્થબેન્કે શું અનામત રાખવું પડે છે?

(અ) સુવર્ણ (બ) સિક્કા અને નોટો

(ક) ઉપરનામાંથી એકપણ નહીં (ડ) સુવર્ણ અને રૂપુ

યુનિટ-૨ ફુગાવો-૧

૧૮. 'ઘણું જ વધારે નાણું પ્રમાણમાં બહુ ઓછી ચીજવસ્તુઓને ઝડપવા માટે દોડે છે' આ વ્યાખ્યા આપનાર અર્થશાસ્ત્રીનું નામ આપો.

(અ) પ્રો. કાઉપર (બ) પ્રો. હોટ્રે (ક) પ્રો. કેઈન્સ (ડ) પ્રો. પીગુ

૧૯. 'ફુગાવાનું આખરી કારણ સરકારની ખાલી તિજોરી છે' આ વિધાન કોનું છે?

(અ) પ્રો. કેઈન્સ (બ) પ્રો. હોટ્રે (ક) પ્રો. લર્નર (ડ) પ્રો. રોસ્ટોવ

૨૦. 'ફુગાવો' જીવલેણ રોગ છે' આ વિધાન કોનું છે?

(અ) મિલ્ટન ફ્રિડમેન (બ) પ્રો. ફિશર (ક) પ્રો. કેઈન્સ (ડ) પ્રો. રોસ્ટોવ

૨૧. 'નાણાં અને ભ્રવનો જે વધારો વધારે ચીજવસ્તુઓના ઉત્પાદનમાં પરિણમતો નથી તે ફુગાવો છે' આ વ્યાખ્યા કયા અર્થશાસ્ત્રીએ આપેલી છે?

(અ) પ્રો. કેઈન્સ (બ) પ્રો. લર્નર (ક) પ્રો. મેયર (ડ) પ્રો. લર્નર

૨૨. 'જ્યારે ઘણાખરાં ભાવો ઘટતા હોય તે સમયને આપણે નાણાં સંકોચન કહીએ છીએ' આ વ્યાખ્યા કોણે આપી છે?

(અ) પ્રો. સેમ્યુલસન (બ) પ્રો. પીગુ (ક) પ્રો. કેઈન્સ (ડ) પ્રો. લર્નર

૨૩. નાણાં સંકોચનની અસરો ફુગાવો કરતા વિરૂધ્ધની છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૨૪. નાણાં સંકોચનથી બેકારી દૂર થાય છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૨૫. ૧૯૨૯ની મંદીના વર્ષોમાં કયો ખ્યાલ પ્રચલિત બન્યો?

(અ) નાણાં ઈષ્ટવિસ્તરણ (બ) નાણાં વિસ્તરણ

(ક) નાણાં સંકોચન (ડ) નાણાં સંકોચન અને નાણાં વિસ્તરણ

૨૬. મંદીને રોકીને ભાવો વધે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવામાં આવે ત્યારે તેને ઈષ્ટનાણાં વિસ્તરણ કહે છે?

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૨૭. મિલ્ટન ફ્રિડમેન જણાવે છે કે અંકુશિત ફુગાવા કરતાં મુક્ત ફુગાવો ઈચ્છનીય છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૨૮. મુક્ત ફુગાવાને કારણે ફુગાવાની પરિસ્થિતિ સર્જાઇ શકે.

(અ) ઘોડાપુર (બ) અંકુશિત (ક) માંગપ્રેરિત (ડ) ખર્ચ પ્રેરિત

૨૯. ફુગાવાને પરિણામે વધતા ભાવોથી લેણદારને ________ થાય છે.

(અ) ફાયદો (બ) નુકશાન (ક) ઉપરોકત બંને (ડ) એકપણ નહીં

૩૦. ફુગાવાની બચત અને મૂડીરોકાણ પર માઠી અસર થાય છે?

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૩૧. ફુગાવામાં ધનિકવર્ગ વધુ ________ બને છે.

(અ) ધનિક (બ) ગરીબ (ક) ગરીબ અને ધનિક (ડ) એકપણ નહીં

૩૨. જો પ્રજાની અપેક્ષા પ્રમાણે ભાવો ન વધે તો તેને અનપેક્ષિત ફુગાવો કહે છે.

(અ) સાચું (બ) ખોટું (ક) એકપણ નહીં (ડ) અનિર્ણિત

૩૩. ફુગાવો આવકની વહેંચણીને સામાજિક દ્રષ્ટિએ અન્યાયી બનાવે છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૩૪. ફુગાવામાં નાણાંના મૂલ્યમાં ________ થાય છે.

(અ) ઘટાડો (બ) વધારો (ક) વધારો અને ઘટાડો (ડ) એકપણ નહીં

૩૫. પ્રો. ફિલિપ્સના મતે બિનઅપેક્ષિત ફુગાવા કરતાં અપેક્ષિત ફુગાવો આવકાર્ય છે?

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૩૬. વધુ પડતી ખાદ્યપુરવણી નાણાંના પુરવઠામાં ઘટાડો કરે છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

યુનિટ-૩

૩૭. 'Types of War inflation' નામનું પુસ્તક લખનાર અર્થશાસ્ત્રીનું નામ આપો.

(અ) પ્રો. લર્નર (બ) પ્રો. પીગુ (ક) પ્રો. મેયર (ડ) પ્રો. કેઈન્સ

૩૮. 'Wealth of Nations' પુસ્તક કયા અર્થશાસ્ત્રીએ લખ્યું છે?

(અ) પ્રો. એડમસ્મિથ (બ) પ્રો. વોકર (ક) પ્રો. તુરોની (ડ) પ્રો. કેઈન્સ

૩૯. Demand pull inflation એટલે માંગપ્રેરિત ફુગાવો.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૪૦. ચીજવસ્તુઓની માંગ તેના પુરવઠા કરતાં અનેકગણી વધી જતાં વેતનપ્રેરિત ફુગાવો ઉદ્‌ભવે છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૪૧. ઔદ્યોગિક ઉત્પાદનખર્ચ અસાધારણ રીતે વધે ત્યારે ઔદ્યોગિક ચીજવસ્તુઓના ભાવો ________

(અ) વધે છે (બ) ઘટે છે (ક) સ્થિર રહે છે (ડ) એકપણ નહીં

૪૨. ફુગાવાને ડામવા માટેની નાણાંકીય નીતિમાં નીચેના કયા પગલાંનો સમાવેશ થાય છે?

(અ) બેંકરેટમાં ફેરફાર (બ) માર્જિનમાં ફેરફાર

(ક) શાખની માપબંધી (ડ) એકપણ નહીં

૪૩. ખુલ્લા બજારમાં જામીનગીરીઓનું ખરીદ-વેચાણ એ ફુગાવાના ઉપાયોમાં સરકારની કઇ નીતિમાં સમાવવામાં આવે છે?

(અ) નાણાંકીય નીતિ (બ) રાજકોષીય નીતિ

(ક) વહીવટીય નીતી (ડ) ઉપરની બધીજ નીતિ

૪૪. નાણાંકીય નીતિની પૂરકનીતિ રાજકોષીય નીતિ છે.

(અ) ખોટું (બ) સાચું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૪૫. ફુગાવાના ઉપાયોમાં કયું પગલું રાજકોષીય નથી

(અ) બેંકરેટ (બ) કરવેરા, જાહેર ખર્ચ (ક) જાહેર નીતિ (ડ) જાહેર દેવું

૪૬. ફુગાવાને અદ્રશ્ય ડાકુ સાથે સરખાવનાર અર્થશાસ્ત્રીનું નામ જણાવો.

(અ) પ્રો. કાઉપર (બ) પ્રો. કેઇન્સ (ક) પ્રો.સી.એન. વકીલ (ડ) પ્રો. પીગુ

૪૭. બેકારીના કુદરતી દર કે સ્વાભાવિક દરના ખ્યાલની સૌપ્રથમ સમજૂતી આપનાર અર્થશાસ્ત્રીનું નામ આપો.

(અ) પ્રો. ફિલિપ્સ (બ) પ્રો. પીગુ (ક) પ્રો. ફ્રિડમેન (ડ) પ્રો. કેઇન્સ

## યુનિટ-૪ વાણિજ્ય બેંક

૪૮. બેંક એ ____________ સંસ્થા છે.

(અ) નાણાંકીય (બ) રાજકીય (ક) વહીવટીય (ડ) ઉપરના બધાજ

૪૯. નીચેનામાંથી કઇ બેંક વ્યાપારી બેંક છે?

(અ) હુંડિયામણ બેંક (બ) બેન્ક ઓફ બરોડા (ક) કૃષિ બેંક (ડ) સહકારી બેંક

૫૦. વ્યાપારી બેંકમાં મુખ્યત્વે કેટલા પ્રકારની થાપણો સ્વીકારવામાં આવે છે?

(અ) એક (બ) બે (ક) ત્રણ (ડ) ચાર

૫૧. વ્યાપારી બેંક પોતાની પાસે રહેલી પ્રાથમિક થાપણોને આધારે કઇ થાપણો તૈયાર કરે છે?

(અ) મુદતી થાપણો (બ) બચત થાપણો (ક) ચાલુ થાપણો (ડ) વ્યુત્પન્ન થાપણો

૫૨. ભારતની મધ્યસ્થ બેંક કયા નામથી ઓળખાય છે?

(અ) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (બ) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા

(ક) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (ડ) રેસ્ટ બેંક ઓફ ઇન્ડિયા

૫૩. કૃષિ ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકોને ધિરાણ કરતી સંસ્થા એટલે ________

(અ) ઔદ્યોગિક બેંક (બ) કૃષિ બેંક (ક) વ્યાપારી બેંક (ડ) રિઝર્વ બેંક

૫૪. ભારતની ઔદ્યોગિક વિકાસ બેંક મુખ્યત્વે કયા ક્ષેત્રને લોન આપે છે?

(અ) ઔદ્યોગિક ક્ષેત્ર (બ) ખેતી ક્ષેત્ર (ક) ઉપરની બંને (ડ) એકપણ નહીં

૫૫. એક દેશના ચલણના બદલામાં બીજા પ્રકારનું ચલણ આપવાનું કાર્ય કરતી બેંક એટલે --------

(અ) બચત બેંક (બ) સહકારી બેંક

(ક) હૂંડિયામણ બેંક (ડ) જમીન વિકાસ બેંક

૫૬. ભારતમાં પોસ્ટ ઓફિસોના બચત ખાતા બચતબેંકની જ કામગીરી બજાવે છે.

(અ) સાચું (બ) ખોટું (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

૫૭. બેંકો પાસે જે થાપણો આવે છે તેના કરતાં વધુ લોનો આપે છે તેને શાખસર્જન કહેવાય?

(અ) હા (બ) ના (ક) અનિર્ણિત (ડ) એકપણ નહીં

## વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તરો

### યુનિટ-૧

(૧) અ
(૨) ક
(૩) ડ
(૪) બ
(૫) અ
(૬) બ
(૭) અ
(૮) અ
(૯) બ
(૧૦) ડ
(૧૧) બ
(૧૨) અ
(૧૩) ડ
(૧૪) બ
(૧૫) અ
(૧૬) ક
(૧૭) અ

### યુનિટ-૨

(૧૮) બ
(૧૯) અ
(૨૦) અ
(૨૧) ડ
(૨૨) અ
(૨૩) અ
(૨૪) બ
(૨૫) અ
(૨૬) અ
(૨૭) અ
(૨૮) અ
(૨૯) અ
(૩૦) અ
(૩૧) અ
(૩૨) અ
(૩૩) અ
(૩૪) અ
(૩૫) અ
(૩૬) બ

### યુનિટ-૩

(૩૭) બ
(૩૮) અ
(૩૯) અ
(૪૦) બ
(૪૧) અ
(૪૨) અ
(૪૩) અ
(૪૪) બ
(૪૫) અ
(૪૬) ક
(૪૭) ક

### યુનિટ-૪

(૪૮) અ
(૪૯) બ
(૫૦) ક
(૫૧) ડ
(૫૨) ક
(૫૩) બ
(૫૪) અ
(૫૫) ક
(૫૬) અ
(૫૭) અ